| |
|---|
| **મહેરબાન મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,**<br>**જેતપુર પાવી તાલુકા કોર્ટ**<br>**છોટાઉદેપુર** |
| **ફોજદારી પરચુરણ અરજી નં.૯૪/૨૦૨૬** |
| **અરજદાર/ આરોપી** :- રંગલાભાઈ દેસલાભાઈ પચાયા, ઉ.વ.૩૦,<br>રહે. બોકડીયા, પટેલ ફળીયુ, તા.કઠીવાડા,<br>જી .અલીરાજપુર, રાજ્ય મધ્યપ્રદેશ.<br>**વિરૂધ્ધ**<br>**સામાવાળા** :- શ્રી સરકાર |
| પોલીસ સ્ટેશન :- જેતપુરપાવી |
| ગુના રજી. નંબર :- ૧૧૧૮૪૦૦૩૨૪૦૫૩૩/૨૦૨૪ |
| પ્રોહી એકટની કલમ :- ૬૫( એ,ઈ), ૯૮(૨),૮૧ |
| **-: હુકમ :-** |

1. અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપી તરફે વિ.વકીલ શ્રી ની દલીલો સાંભળી. તેઓની રજુઆત છે કે આ કામના આરોપીને સદર કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. અરજદારને માત્રને માત્ર સહ આરોપીના નિવેદનના આધારે સદર ગુનામાં આરોપી બનાવેલ છે પરંતુ તેઓએ કહેવાતો ગુનો કરેલ નથી. વધુમાં, રજુઆત છે કે, આ કામના આરોપીને જામીન મુકત કરવાની અત્રેની અદાલતને સત્તા છે, આરોપી નાસી ભાગી જાય તેવા નથી. આરોપી ઉપરોકત સરનામેના કાયમી રહેવાસી છે. તેમના ઉપર કુટુંબનું ભરણપોષણની જવાબદારી છે. નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવાની બાહેધરી આપે છે. આરોપી નિર્દોષ હોય જેથી જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

2. ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદારએ રજુઆત કરેલ છે કે, સદર કેસ ના અન્ય સહ આરોપી પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટીકના કવાટરીયા કુલ નંગ – ૨૦૩ જેની કુલ કિ.રૂા. ૨૭,૪૦૫/–નો પ્રતિબંધિત મુદ્દામાલ પકડાયેલ અને હાલના અરજદાર આરોપી ધ્વારા આ પ્રતીબંધીત મુદામાલ દારૂ મુખ્ય આરોપીને પુરો પાડેલો. આમ અરજદાર આરોપી ધ્વારા અન્ય સહ આરોપી સાથે ગેર કાયદેસર મંડળી રચી ખુબજ ગંભીર ગુનો કરેલ છે. આથી, સદર કામે ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઇઓને ધ્યાને લેતા આરોપીને જામીન મુકત કરવા સામે સખત વાંધો નોંધાવેલ છે અને સદર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

3. ઉભયપક્ષની દલીલો તેમજ રજૂઆતો ધ્યાને લેતાં હાલની જામીન અરજી મંજુર કરવી કે કેમ ? તે અંગે **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.) ની કલમ :–૪૮૦** ની જોગવાઈ ધ્યાને લઈએ તો જ્યારે ગુનો બિનજામીન લાયક હોય ત્યારે જામીન તે અધિકાર નથી, પરંતુ અદાલતની વિવેક બુધ્ધિ તથા ન્યાયિક અને મનસુફીની સત્તાનો વિષય છે. જે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે.

4. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સ્પષ્ટ ઠરાવેલ છે કે, જામીનનો મુખ્ય આદેશ આરોપી ઈન્સાફી કાર્યવાહી વખતે કોર્ટમાં હાજર રહેશે કે કેમ ? તે જોવાનો છે. ગુનામા અટક કરાયેલ વ્યકિતને જામીન ઉપર મુકત કરવો તે નિયમ છે અને જામીન અરજીનો અસ્વીકાર એ અપવાદ છે. વિલંબીત ન્યાય એ નરી વાસ્તવીકતા છે અને વિલંબના કારણે અનકે આરોપી પોતાના ચુકાદાની રાહ જોતાં જેલમાં છે. ઝડપી ન્યાય અને કાનુની સહાય બંધારણના આર્ટિકલ–૨૧ હેઠળ અધિકાર છે અને યોગ્ય કાનુની પ્રક્રિયા વગર કોઈપણ વ્યકિતની સ્વતંત્રતા ઉપર કાપ મુકી શકાય નહી.

5. જામીન અરજીનો સ્વીકાર એ નિયમ છે, અસ્વીકાર એ અપવાદ છે પરંતુ તે નિયમ જડ ન હોઈ શકે. જામીન આપવા પાછળનો મુળ નિયમ એવો છે કે, વ્યકિત ગુનામાં સંડોવાયેલી હોય તેમ છતા તેની સ્વતંત્રતાનુ રક્ષણ કરવુ એ એક અધિકાર બને છે. ભારતીય કાયદા અનુસાર કોઈ વ્યકિત સામે ગંભીર આરોપ મુકવામાં આવ્યો હોય તો પણ જયાં સુધી આરોપી સામે તહોમત સાબિત ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ ગણવામાં આવે છે. માત્ર આક્ષેપ કરી દેવાથી કોઈ ગુનો ગંભીર બની જતો નથી અને ગંભીર ગુનો જામીન અરજી રદ કરવા પુરતુ કારણ નથી. ત્યારે હાલના આરોપીને જેલમાં મોકલવાથી તેઓના બંધારણીય હકકને નુકશાન પહોંચે તેમ છે. આમ, સદર કેસની હકીકત તથા નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતે આપેલ માર્ગદર્શક સિઘ્ધાંતો લક્ષમાં લઈ આ કામના આરોપી જામીન મુકત કરવા અત્રેની અદાલતને ન્યાયોચિત જણાય છે. આથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

- હાલની જામીન અરજી **"મંજૂર"** કરવામાં આવે છે.
- આરોપી રંગલાભાઈ દેસલાભાઈ પચાયા, ઉ.વ.૩૦, રહે. બોકડીયા, પટેલ ફળીયુ, તા. કઠીવાડા, જી. અલીરાજપુર, રાજય મધ્યપ્રદેશ નાઓને હાલના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ઉપર નીચેની શરતો મુજબ જામીન પર મુકત કરવામાં આવે છે.

**- : શરતો :-**

1. આરોપી તથા જામીનદારો પોતાનુ કાયમી સરનામુ તથા મોબાઈલ નંબર તથા ઓળખપત્ર પુરાવા સાથે કોર્ટમાં રજુ કરવુ તથા કોર્ટની પુર્વ

પરવાનગી વગર બદલવુ નહી તથા સંબંધીત પો.સ્ટે. પણ જાણ કરવી.

2. આરોપીએ દર મુદતે નિયમિત કોર્ટમાં હાજર રહેવુ.
3. આરોપીએ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.
4. આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દીન – ૨ માં કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ કરવુ.
5. આરોપીએ નામદાર કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.
6. આરોપીએ આ કે આવા કોઈ પણ પ્રકારના ગુનામાં પોતાની સંડોવણી કરવી નહી.

ઉપરોકત શરતોનુ આરોપીએ ચુસ્તપણે પાલન કરવુ અને જો કોઈ શરતનો ભંગ થશે તો આરોપીની જામીન આપોઆપ રદ થશે.

હુકમ આજ રોજ તારીખ. ૦૬ ઠી, માહે–જુન સને –૨૦૨૬ ના રોજ વાંચી સં ભળાવ્યો.

6/6/26

(આર. આર. જોધ્ધા)

જ્યુ.મે.ફ.ક.

જેતપુર–પાવી તાલુકા કોર્ટ

કોડ નં.જી.જે.૦૧૭૫૯

તા.૦૬/૦૬/૨૦૨૬

સ્થળ:–જેતપુર–પાવી.